રેફરન્સ ટી કેસ નં.૨૦૪/૨૦૧૦
રજિસ્ટ્રેશન તા.૧૩/૫/૨૦૧૦
નિર્ણય તા.૧૧/૨/૨૦૧૯

**શ્રી એમ.વી.ચોકસી, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ નં.૩, સુરત સમક્ષ.**

**આંક : ૧૭**

| | |
|---|---|
| **બીજા પક્ષકાર** | શ્રી કાંતિ સહાની<br>કેર ઓફ રાષ્ટ્રીય મઝદુર સેના,<br>પુલબારી નાકા, સલાટવાડ, વડોદરા. |
| **વિરૂધ્ધ** | |
| **પ્રથમ પક્ષકાર** | ૧. ક્રિભ્કો માર્કો એન્જીનીયરિંગ કું.,<br>કમિશ્નર શ્રી,<br>સુરત મહાનગર પાલીકા,<br>મુગલીસરા, સુરત<br>૨. કૃષકભારતી કો.ઓપ.લી.(ક્રિભ્કો)<br>ક્રિભ્કોનગર,સુરત -૩૯૪૫૯૪ |
| **પ્રતિનિધિત્વ :** | બીજા પક્ષકાર તરફે : યુનિયન પ્રતિનિધી શ્રી સરલાબેન કુરૂપ<br>પ્રથમ પક્ષકાર તરફે : નં.૧ તરફે વિ.વ.શ્રી વાય.કે.ગલ્લેદાર<br>પ્રથમ પક્ષકાર તરફે : નં.૨ તરફે વિ.વ.શ્રી જે.બી.જરીવાળા |

**વિષયઃ ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૧૦(૧)સી અન્વયે ન્યાયિક નિર્ણય બાબત**

**- : એ વો ર્ડ : -**

**(૧)** હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ ૧૦ (૧) હેઠળ સુરતના મદદનીશ મજુર કમિશનરશ્રીના હુકમ ક્રમાંક : કેએચ / એસએચએમસી / એજે / આઈડીઆર / ૧૬૮૧/૨૦૦૯ તા.૩/૫/૨૦૧૦ થી ઉપસ્થિત થયેલ છે અને તેમાં બીજા પક્ષકારે પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ માંગી છે.હાલના કેસની અનુસૂચિ જોતાં જે નીચે મુજબ છે.

**:: અનુસૂચિ ::**

''શ્રી કાંતિ સહાનીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

(૨) બીજા પક્ષકારે પોતાના આ રેફરન્સ કેસમા આંક.૩ થી માગણા નિવેદન રજુ કરેલ છે તેમા જણાવે છે કે તે પ્રથમપક્ષકાર નં–૨ના કોન્ટ્રાક્ટમાં અને આ જ કોન્ટ્રાક્ટ ધ્વારા સને ૧૯૯૫ થી ક્રિભ્કો યુનિટ સુરતમા બેગિંગ ખાતામાં લેબર તરીકે ખંત અને ઈમાનદારીથી નોકરી કરતા હતા. અરજદારને મીનીમમ વેજિસ પ્રમાણે પગાર આપવામા આવતો હતો. કોન્ટ્રાક્ટરે એમને માગણી કરવા છતા ઓળખકાર્ડ, પગાર પાવતી, હાજરીકાર્ડ આપેલા નહી આથી મદદનીશ મજુર કમીશ્નરશ્રીને ફરીયાદ કરતા તેમણે પ્રથમ પક્ષકાર પર ફોજદારી કેસ પણ કરેલ છે.વધુમા માગણા નિવેદનમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર કંપનીએ નામદાર કોર્ટની પરવાનગી વિના તેમને પગાર આપવાનુ બંધ કરી દીધેલ અને નોકરીની શરતોમાં ફેરફાર કરી ગેરકાયદેસર ફેરફાર કરેલ છે. ત્યારબાદ તા.૧–૬–૨૦૦૬ ના રોજ કોઈપણ જાતના કારણ વગર, કોઈપણજાતની બચાવની તક આપ્યા વગર, નોટીસ કે નોટીસ પગાર તથાછટણી વળતર ચુકવ્યાવગર બીજા પક્ષકારના કાયદેસરના નિકળતા નાણાં ચુકવ્યા વગર મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો છડેચોક ભંગ કરી, છુટા કરેલા છે,જે પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસરનું છે અને આ બાબતે પક્ષકારો વચ્ચે સામાધાન નહી થતા હાલનો આ રેફરન્સ કેસ નોકરીમા પુન:સ્થાપિત કરવા ઉપસ્થિત થયેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારોને નોટીસ બજીજતા પ્રથમ પક્ષકાર નં.૧ એ આંક.૭ થી અને પ્રથમ પક્ષકાર નં.૨ એ આંક.૮ થી જવાબ રજુ કરેલ છે.જેમા તેમણે બીજા પક્ષકારના માગણા નિવેદનની હકીકતનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને આ રેફરન્સ રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે પુરાવા

રેફરન્સ કેસ નં.૧૫૭/૨૦૧૦મા આંક.૨૯ થી નીચે પ્રમાણે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.જે આ કામે પણ વંચાણે લેવામા આવેલ છે.

આંક.૨૯

| <u>Mark</u> | <u>Short Description of Document</u> |
|---|---|
| 1 | A copy of charter of demand raised by the second party union |
| 2 | A copy of complaint by the second party union to the sr.factory inspector |
| 3 | A copy of letter written by the second party union to the manager P&A Mr.Sunil Jain |
| 4 | A copy of report by the assi.labour commissioner on date 27/4/2006 |
| 5 | A copy of complaint raised by the second party union to the Commissioner of labour(Gujarat) |
| 6 | A copy of report forwarded by the govt.labour officer Surat |
| 7 | A copy of letter written by the second party contract workman |
| 8 | A copy of reply by the contaractor Marco Engineering Company |
| 9 | A copy of reply by the company regarding the charter of demand |
| 10 | Copies of letter written by the workman to the Asst.Labour commi. and first parties. |
| 11 | A copy of justification presented by the second party |

12 A copy of notice forwarded by the Assi.Labour comm.Surat in charter of demand regarding the admission of industrial dispute on date 23 march 2006

13 A copy of terms of reference forwarded by the labour commi. to the secretary industrial tribunal with list of workman

14 A copy of intimation notice forwarded to all parties concerned in the Ref.D. 55/2006.

મૌખિક પુરાવા

બીજા પક્ષકારે આંક.૯ થી સોગંદ પર જુબાની રજુ કરેલ છે.

દસ્તાવેજી પુરાવા

આંક.૧૧ થી બીજા પક્ષકારે નિ.૧૧/૧ અને નિ.૧૧/૨ થી વેજ સ્લીપની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. ત્યાર બાદ બીજા પક્ષકારે વધુ કોઈ પુરાવા રજુ નહી કરતા પ્રથમ પક્ષકાર નં.૨ની આંક.૧૨ વાળી અરજી પર હુકમ કરીને તેમનો પુરાવાનો હક બંધ કરવામા આવેલ છે.

(૫) પ્રથમ પક્ષકાર નં.૧ એ રેફરનસ કેસ નં.૧૫૭/૨૦૧૦મા આંક.૩૨થી પુરાવા રજુ કરેલ છે જે આ કામે પણ વંચાણે લેવામા આવેલ છે.પ્રથમ પક્ષકાર નં.૨ એ રેફરનસ કેસ નં.૧૫૭/૨૦૧૦મા આંક.૨૩થી પુરાવા રજુ કરેલ છે જે આ કામે પણ વંચાણે લેવામા આવેલ છે.ત્યાર બાદ આ કામે પ્રથમ પક્ષકાર નં. ૧એ આંક.૧૩ થી અને પ્રથમ પક્ષકાર નં.૨ એ આંક.૧૪ થી પોતે કોઈ પુરાવા રજુ નહી કરતા કલોસિંગ પુરશીશ રજુ કરેલ છે.

(૬) ત્યાર બાદ આ કામ દલીલો પર મુલત્વી રાખવામા આવેલ જેમા બીજા પક્ષકારની સ્વૈચ્છીક ગેરહાજરી લક્ષમા રાખી દલીલોનો હક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ છે અને પ્રથમ પક્ષકાર નં.૧ અને નં.૨ ને લંબાણસહ સાંભળવામા આવેલ છે.

(૭) આ કામે અત્રેની કોર્ટને મળેલ અનુસુચિના આધારે અને બીજા પક્ષકારે રજુ કરેલ પુરાવાના આધારે આ રેફરન્સના ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમણે સામાવાળી સંસ્થામાં એક વર્ષ થી ઓછા નહી તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ છે?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમને છુટા કરવાનું સામાવાળી સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર છે અને તેમને છુટા કરતી વખતે ઔધોગિક વિવાદ ધારાની જોગવાઇનું પાલન કરેલ નથી?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર છે ?

(૪) શું અરજદાર પડેલા રોજની રકમ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) નકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

# -: કા ર ણો :-

(૯) હાલના કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂદ્ધ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરતાં તે મદદનીશ શ્રમ આયુકત સુરતનાઓએ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા અનુસુચિમાં જણાવ્યા પ્રમાણે રેફરન્સ કરેલ છે.આથી આ રેફરન્સનો નિકાલ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની જોગવાઇ હેઠળ કરવામાં આવેલ છે. આ પ્રકારનો નિર્ણય કરતા સમયે આ અદાલતને મળેલ સત્તાની જોગવાઇ કલમ ૧૧(એ) માં આપવામાં આવેલ છે. આ કાયદામાં આ રીતે માલિક દ્વારા કરવામાં આવતી કામદારની સમાપ્તિને છટણી શબ્દદ્વારા વ્યાખ્યાચિત કરવામાં આવેલ છે કે જેનું આલેખન કલમ ૨(ઓઓ)માં કરવામાં આવેલ છે. જયારે કલમ ૨૫(બી) સળંગ નોકરીની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને ૨૫(એફ)માં કામદારની છટણીની પૂર્વ શરતો જણાવેલ છે અને કલમ ૨૫(જી) માં છટણી માટેની કાર્યરીતી જણાવેલ છે અને કલમ ૨૫ (એચ) માં છટણી કરેલ કામદારને ફરીથી કામે રાખવા બાબત જણાવેલ છે.

એટલે કે સરળ રીતે એમ કહી શકાય કે કે જો માલીકે કામદારને કામ પરથી કાઢી મુકેલ હોય તો તે છટણી કહી શકાય કે કેમ તે તપાસવુ જોઇએ અને જો તેનો ઉતર હકારમા આવે તો તે માલીકે છટણીની પુર્વશરતોનુ પાલન કરેલ છે કે કેમ કામદારની સળંગ નોકરી છે કે કેમ તે તપાસવુ જોઇએ અને કામદારને છટણીના આનુસાંગિક લાભ મળેલ છે કે કેમ તે તપાસવુ જોઇએ.

**મુદૃા નં. ૧ :-** શું અરજદાર પુરવાર કરે છે કે, તેમણે સામાવાળી સંસ્થામાં એક વર્ષ થી ઓછા નહી તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ છે?

ઉપરની જોગવાઇઓ જોતા તેમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કેલ જયારે કામદારને માલિકે છુટા કરવાના હોય તો માલિકે શું શું કાર્યવાહી કરવી જોઇએ અને આવી કાર્યવાહી ન કરેલી હોય તો માલિકનું કામદારને છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરે છે

અરજદાર આ જોગવાઇઓનો લાભ મેળવવા માંગતા હોય તો તેમણે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવી જોઇએ કે તેમને છુટા કર્યાના પાછલા ૧૨ માસમાં તેઓએ સતત અને સળંગ ૨૪૦ દિવસ ફરજ બજાવેલ છે.

આમ અરજદાર ૨૫ એફ ની જોગવાઇઓનો લાભ મેળવવા માંગતા હોય તો તેમણે સંસ્થામાં ૨૪૦ દિવસ ફરજ બજાવેલ છે તે હકીકત નિઃશંકપણે પુરવાર કરવી જોઇએ તે પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાંતોને આ અદાલત માને છે.આ કામે બીજા પક્ષકારે સોગંદ પર જુબાની આપેલ છે પરંતુ આ જુબાનીની ઉલટતપાસ થવા દેવા હાજર રહેલા નથી.આથી તેમણે રજુ કરેલ આ જુબાની અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પણ માની શકાય એમ નથી.

આમ બીજા પક્ષકાર સામા સંસ્થામા ઔ.વિ.ધારાની કલમ ૨૫ બી પ્રમાણે સળંગ સર્વિસમા હતા તેવુ સાબિત કરી શકેલ નથી. આથી હુ એવા તારણ પર આવુ છુ કે બીજા પક્ષકાર આ મુદ્દો સાબિત કરી શકેલ નથી.

**મુદ્દા નં. ૨ :–** શું અરજદાર પુરવાર કરે છે કે, તેમને છુટયા કરવાનું સામાવાળી સંસ્થાનુ કૃત્ય ગેરકાયદેસર છે અને તેમને તેમને છુટા કરતી વખતે ઔધોગિક વિવાદ ધારાની જોગવાઇનું પાલન કરેલ નથી?

ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ અન્વયે માલીક પર કોઇ પણ સંજોગોમાં કામદારની નોકરી સમાપ્ત કરવા સંપુર્ણ પ્રતિબંધ મુકેલ છે તેવુ નથી.પરંતુ માલિક જ્યારે કામદારની નોકરી સમાપ્ત કરવા ચાહે ત્યારે તેણે આ કાયદાની જોગવાઇઓનુ પાલન કરવાની ફરજ ઉત્પન્ન થાય છે.હાલના આ કિસ્સામાં જ્યારે કે કામદારે એટલે કે બીજા પક્ષકારે પોતે સામા. સંસ્થામા એક વર્ષ થી ઓછા નહી તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ છે તેવુ સાબિત કરેલ નથી અને પોતે પુરાવો કરી આપવા પણ હાજર રહેલા નથી ત્યારે તેમને છુટા કરવાનું સામાવાળી સંસ્થાનુ કૃત્ય ગેરકાયદેસર છે અને તેમને તેમને છુટા કરતી વખતે ઔધોગિક વિવાદ ધારાની જોગવાઇનું પાલન કરેલ નથી તેવુ સાબિત થતુ નથી.

**મુદ્ધા નં. ૩** - શું અરજદાર પુરવાર કરે છે કે, તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર છે ?

ઉપરોકત મુદ્ધા નં. ૧ અને ૨ ની ચર્ચા જોયા મુજબ અરજદાર ઘણા લાંબા સમયથી નોકરી કરતા હોવા છતાં અને અરજદારે તેમના નોકરીના સમયગાળા દરમ્યાન દરેક ૧૨ માસના સમયગાળામાં ૨૪૦ દિવસ નોકરી કરેલ હોવા છતાં તેમને નોકરીમાંથી છુટા કરતી વેળાએ નોટીસ કે નોટીસ પે, બેકારી ભથ્થુ નહી ચુકવી છુટા કરતી વેળાએ સિનીયોરીટી લીસ્ટ નહી બતાવીને અને અન્ય કામદારો પાસે એ જ પ્રકારની કામગીરી કરાવતા આ અરજદારને તે કામગીરી પર નહી રાખીને ઔ.વિ.ધારાની કલમ ૨૫ એફ, ૨૫ જી, ૨૫ એચ નો ભંગ કરેલાનું સાબીત થતુ નથી ત્યારે આ સંજોગોમાં હાલના અરજદાર સામાવાળામાં તેમની નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર બનતા નથી. આથી આ મુદ્ધાનો જવાબ નકારમાંઆપવામાં આવે છે.

**મુદ્ધા નં. ૪** શું અરજદાર પડેલા રોજની રકમ મેળવવા હકદાર છે ?

આ કામે બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલાનું પુરવાર થતું નહી હોઇ ત્યારે તેઓ મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર બનતા નથી.આથી અત્રે " નો વર્ક નો પે " નો સિધ્ધાંત અમલી કરી શકાય એમ આ અદાલતનું માનવુ છે. જેના આધારે આ મુદ્ધા નં. ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. આમ ઉપરોકત તમામ ચર્ચાના આધારે આ રેફરન્સ અંતર્ગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ **રદ** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

**તા.૧૧/૨/૨૦૧૯**
**સ્થળ.સુરત**

**મલય વિભાકર ચોકસી**
**જજ કોડ.જીજે ૦૦૮૩૧, પ્રિસાઈડીગ ઓફીસર**
**લેબર કોર્ટ નં.૩, સુરત**